Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૯ મું. વિક્રમ સંવત્ ૧૯૬૮. જેષ્ઠ. અંક ૧૧ મો.

## પ્રભુ સ્તુતિ.

### ભવિષ્ય પટાંતરિત ઇચ્છાનું પ્રભુ પાસે સ્ફોટન.

( મધુ સૂદન. )

( હું ભજન કરીશ હરિનું સદા સુખે—એ રાગ )

હું ચરણ ભજીશ તુજના સદા ! પ્રભો !
પારાવાર દુઃખ ઝટ ભાગે—
મિથ્યા રંજ નિવારી, ઠારી—મન, ચરણ ભજીશ
તુજના સદા, પ્રભો ! હું૦
પરભાવ માત્ર વિસારી કેવલ શુદ્ધ પ્રેમાનંદમાં,
થઉં મસ્ત થાવા, મધુસૂદન તવ પાદગુણ મકરંદમાં;
સંસાર તાપિત ચિત્તને નવ, નાથ ! અવધીરણ કરો,
કેશવ અકલ ગતિ ! સદનશાતા ! એક ત્હારો આશરો.
હું ચરણ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



÷ શ્રી વિજયાનંદ સૂરિશ્વરજી સુમતિ આપો.

## " ગુરૂ સ્તુતિ. "

" રાખું રે હમારે ઘટમેં " ॥ એ ચાલ ॥

સ્વર્ગે ગયે ઝટપટમેં, શ્રી આત્મારામ સ્વામીરે; સ્વર્ગે૦
॥ એઅંચલી ॥

તજી બાલ વૃદ્ધ ચેલા, સંઘના તજીને મેલા;
સ્વામી ગયા એકીલારે. સ્વર્ગે૦ ૧.
આશા હમારી મોટી, તે તો પડી ગઇ ખોટી;
નહિ ખોટ સંઘમાં છોટીરે. સ્વર્ગે૦ ૨.
સ્વર્ગે સધાયે સ્વામી, દેહ ધારી કીર્તિ જામી;
ઇંગ્લાંડમાં પણ નામીરે, સ્વર્ગે૦ ૩.
ધર્માભિમાન ધારી, આક્ષેપોના નિવારી;
મહાત્માની ખોટ ભારીરે. સ્વર્ગે૦ ૪.
એવા ગુરૂ કયાં મળશે, સંઘના કલેશ કેમ ટળશે;
પંજાબ કોણ ઉદ્ધરશેરે. સ્વર્ગે૦ ૫.
પંજાબી લોક તરસે, ગુરૂ વાણીકે બિન વરસે;
કહે ત્રાતા ગુરૂ કહાં મલશે રે. સ્વર્ગે૦ ૬.
આધાર હવે સૂરિવરની, મૂર્તિ સુરતી દિલધરની;
ગ્રંથાવલી કંઠ કરનીરે. સ્વર્ગે૦ ૭.
ગુરૂની સ્તુતિને બનાવે, હંસાભિધાન ભાવે;
આદિનાથ મંડળ ગાવેરે. સ્વર્ગે૦ ૮.

સુરતબંદર વડાચૌટા. પોષ શુદિ. ૩.

યોજક. મુનિમહારાજ શ્રી હંશવિજયજી મહારાજ.

÷ ચાલતા માસમાં જેઠ સુદ ૭ ના રોજ ઉકત સ્વર્ગવાસી આચાર્ય મહારાજની સ્વર્ગવાસ તિથી હોવાથી તેમના સ્મરણાર્થે આ સ્તુતિ દાખલ કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આપણી આધુનિક સ્થિતિનો દુખ:દાયક ચિતાર.

## અને તે માટે જલદી લેવો જોઇતો ઇલાજ.

( લેખક—મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ )

પ્રિય બંધુઓ અને બ્હેનો ! હાલ આપણે કેવી સ્થિતિમાં આવી પડયા છીએ? અને તેનું ખરૂં કારણ શું છે? તે આપણે જલદી શોધી કાઢવું જરૂરનું છે. એટલુંજ નહિં પણ તે અનિષ્ટ અને અનર્થકારી કારણને શોધી સદંતર દૂર કરવા ભારે પ્રયત્ન સેવવો એ પણ તેટલું જ જરૂરનું છે. આપણી પ્રજા દિન પ્રતિદિન નૂર વગરની, નિર્બળ બાંધાની, ઢીલાં મનની અને શૂન્ય હૃદય વાળી થતી જાયછે તે આપણે જોઇએ છીએ, જાણીએ છીએ અને અનુભવિયે છીએ છતાં શા કારણથી આપણી પ્રજા આવી નિર્બળ સ્થિતિવાળી થતી જાય છે તેનું આપણે શોધન કયાં કરિએ છીએ.? અને કોઇક હિતસ્વી આપણી પ્રજાના કેવળ હિતને માટે તેનાં ખરાં કારણ બતાવી તેને દૂર કરવા આપણને આગ્રહ કરે તેની આપણે કયાં દરકાર કરિએ છીએ? આપણા ખરા હિતનીજ આપણે દરકાર નહિં કરીશું તો આપણા કેવા બૂરા હાલ થશે? એતો અતિશય જ્ઞાન વાળાજ જાણી શકે. માટે બંધુઓ અને બ્હેનો! હવે તો આપણે ઘોર નિદ્રામાંથી જેમ બને તેમ જલદી જાગવું જોઈએ. મહા મોહ અને અજ્ઞાન વશ બની જવાથી અન્ય ભાઇઓની જેમ આપણે ઓછું ખોયું નથી. જયાં સુધીમાં આપણે આપણું સર્વસ્વ ગુમાવી બેસીએ નહિં ત્યાં સુધીમાં અંતરની ઉંડી લાગણીથી આપણું એકાંત હિત ઇચ્છી આપણને સાચી અને સુખે આદરી શકાય એવી રૂડી શિખામણ આપી આપણને સવેલા જાગૃત કરવા મથન કરનાર કોઇપણ ઉપગારી પુરૂષમાં સુશ્રદ્ધા રાખીને પ્રેમ સહિત તેમનાં વચનામૃતનું પાન કરી સાવધાન બની આપણી ગંભીર ભૂલ સુધારી લેવા જરૂર પ્રયત્ન કરવો ઉચિત છે. તમે પ્રમાદ વશ પ્રથમતો તમારૂં હિત સમજવા ખપ કરતા નથી અને કદાચ તે તમે ભાગ્ય યોગે સમજયા તો તે પ્રમાણે વર્તવા કમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નશીએ અખાડા ( ઉપેક્ષા ) કરોછો. આવી ગંભીર ભૂલને લહી આપણી પ્રજાએ અત્યાર સુધી ઘણું ખોયું છે અને એ અતિ ગંભીર ભૂલ ( સ્વપર હિત સમજી તેનો આદર કરવામાં થતી ઉપેક્ષા અથવા આળસ ) દૂર કરવા જેટલો વિલંબ થશે તેટલું અધિક નુકશાન આપણને જ સહન કરવું પડશે. કદાચ કોઈ કહેશે કે સહુ કોઇ આપણા હાથમાં નથી આપણે એકલા શું કરી શકીએ? આવાં વચન પણ સમજુ માણસે ઉચ્ચારવાં ઉચિત નથી. કેમકે "ટીપે ટીપે સરોવર ભરાય અને કાંકરે કાંકરે પાળ બંધાય" એ ઉપયોગી કહેવત મુજબ જો આપણે જાતે આપણી ભુલ કોઇ ઉપગારી મહાત્માંથી જાણી લહી તેને સુધારી સ્વહિત આચરિયે, તેમાં જરાપણ આળસ ન કરીએ તો તેનું શુભ પરિણામ આપણે સાક્ષાત્ અનુભવિયે એટલુંજ નહિં પણ આપણું ઉત્તમ વર્તન જોઇને બીજા પણ તેવું અનુકરણ કરતાં શિખે; વળી જયારે આપણે પોતે શુભ વર્તન સેવન કરતાં હોઇયે ત્યારેજ આપણે હિંમતથી અન્ય યોગ્ય જનોને તેવું શુભ વર્તન સેવવા હિમાયત કે આગ્રહ કરી શકિયે. એમ કરતા કરતાજ અનુક્રમે સ્વજન કુટુંબ સુધારો, પછી જ્ઞાતિ સુધારો અને પછી સમાજ સુધારો પણ સહેજ થઇ શકશે. કોઈ મહાભારત કાર્ય એકી સાથે થઇ શકતું નથી પરંતુ પ્રબળ પુરૂષાર્થ ફોરવી તેવાં તેવાં કાર્યમાં જોઇતાં સઘળાં અનુકૂળ સાધન મેળવવા પૂરતો પ્રયત્ન કરવામાં આવે તો પરિપાક કાળે ધારેલું ઇષ્ટ કાર્ય થઇ શકેજ. કેમકે પુરૂષાર્થને કંઈ અસાધ્ય–ન થઇ શકે એવું નથી. ઘટિત પુરૂષાર્થ વડે સર્વ કંઇ સિદ્ધ થઇ શકે છે જ. માટે તમે આળસ તજી પુરૂષાર્થી બનો ! પ્રિય ભાઈ બ્હેનો ! તમે શાંત ચિત્તની ઉત્તર આપો કે પૂર્વ કાળમાં આપણી ઉછરતી જૈન પ્રજાને શરૂઆતથી જ કેળવણી આપવા જેટલું અને જેવું લક્ષ આપવામાં આવતું તેવું અને તેટલું તો શું પણ તેના કોડાંશે પણ અત્યારે યથાર્થ અપાય છે ? ગર્ભાધાનથી માંડી છેક જીંદગી સુધી જૈન પ્રજા ઉપર જે ઉત્તમોત્તમ સંસ્કાર તેમના માતા, પિતાદિક વડીલ વર્ગ, શિક્ષક તેમજ સદ્ગુરૂઓ તરફથી પાડવામાં આવતા અને તેની જે સ્થાયી અસર તેમના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીર–આરોગ્ય ઉપર, મન ઉપર અને હૃદય ઉપર ટકી રહેતી તે અત્યારે તમારા જોવામાં આવે છે? જો એવી ઉત્તમ સ્થાયિ અસર તેમના શરીર, મન અને હૃદય ઉપર, ટકી રહેતી અત્યારે જોવામાં આવતી નથી તો તે શા કારણથી? આખી મનુષ્ય જીંદગીના સાર રૂપ કહો કે કર્ત્તવ્ય રૂપ આ વાતનું નિરાકરણ કરવું એ શું ઓછી અગત્યની વાત છે? પુરૂષ જાતની બહોંતેર પ્રકારની કળા અને સ્ત્રી જાતની ચોસઠ પ્રકારની કળા અત્યારે પોથી રૂપે જ છે? કે તે અત્યારે આપણામાં આચાર વિચાર રૂપે છે? શરીરની આરોગ્યતા સાચવવા અને બળની પુષ્ટિ માટે ખાસ જરૂરની કસરતો કરવા કરાવવાની વાત પણ વાત રૂપેજ છે? કે તે યથાર્થ આચરવામાં આવે છે.? શરીર કેળવણી સંબંધમાં આટલું બધું અંધારૂં ચાલ્યું જાય છે તો પછી પાયા વગરની ઇમારતની જેમ માનસિક કેળવણી અને હૃદય–કેળવણીનું તો કહેવુંજ શું? એ સંબંધમાં તો અરણ્યમાં જઇ રૂદન કરવા જેવું જ છે કે બીજું? બચ્ચાંના ગર્ભાધાનથી માંડી બચપણની કેળવણી મુખ્યપણે જે માતા ઉપરજ આધાર રાખે છે તે માતાના શરીરની આરોગ્યતા, મનની ઉદારતા અને હૃદયની નિર્મળતા પેદા કરવાની અત્યારે મુખ્ય જરૂર છે છતાં આ પ્રકારની સ્ત્રી કેળવણી માટે કંઇ દરકાર કરવામાં આવે છે? જો કે પુરૂષ વર્ગ પૈસો પેદા કરવા કંઇક કેળવણી લે છે તો પણ તે જૈન દૃષ્ટિથી જોતાં રસ વગરની હોવાથી તદ્દન નજીવી શરીરને નાકોવત કરનારી, મનને બોજો કરનારી અને પરિણામે હૃદયને શૂન્ય જેવું કરનારી નીવડે છે, તે શું પ્રેક્ષકોથી અજાણ્યું છે?

## ‘ત્યારે હવે કરવું શું?’

સહુ સહુની યોગ્યતા અનુસારે ધર્મ–કર્મમાં સહાયકારી થઇ શકે માટે જૂદી જૂદી રીતે અંગ કસરત આપવા લેવાની અત્યારે ખાસ અગત્ય છે તે વિસારી દેવા જેવું નથી. પ્રમાદ તજી નિયમસર સ્વપર ઉન્નતિ કરવા ઇચ્છનાર સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા સહુ કોઇ આ લાભ લઇ દઇ શકે એમ છે. આમ કરવાથી અધિક આરો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્યતા સાથે ચિત્તની પ્રસન્નતા જાળવાઇ શકશે અને તેથીજે કંઇ શુભ અભ્યાસ કરવામાં આવશે તે કેમળ બોજા રૂપ થશે નહિં પણ તેમાં લહેજત પડવાથી તે અર્થથી આનંદ દાયક, મનને ખીલવી ઉદાર કરનાર અને હૃદયબળને પણ પોષણ આપી નિર્મળ કરનાર નીવડશે. આવું ઉત્તમ પરિણામ લાવવા માટે માતા પિતા, શિક્ષક કે ગુરૂજનોએ પોતાના કલ્પિત ક્ષુદ્ર સ્વાર્થને સદંતર દૂર કરવા પડશે, અને સ્વપરનું શ્રેય તેમાં રહેલું જાણી પોતાની સત્તામાં રહેલાં બચ્ચાઓનું શરીર મજબૂત અને નિરોગી બનાવવા; ચિત્ત પ્રસન્ન અને ઉદાર કરવા તથા હૃદય શ્રદ્ધાળુ અને નિર્મળ આચરણવાળું નીવડે તેમ કરવા પૂરતી કાળજી રાખવી પડશે. પરંતુ આથી ઉપર જણાવેલા સહુને કેટલો બધો ઉત્તમ ફાયદો થઈ શકશે તેનું પ્રમાણ કોઇક અતિશય જ્ઞાનીજ બાંધી શકે એમ છે.

---

# બ્રહ્મચર્ય પાળવાની અનિવાર્ય અગત્ય.

## શા માટે ઇંદ્રિય દમન કરવું. !

( લેખક—મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ )

**आपदां कथितः पंथा, इन्द्रियाणा मसंयमः ।**
**तज्जयः संपदां मार्गो, येनेष्टं तेन गम्यताम् ॥**

ભાવાર્થ—મન અને ઇંદ્રિયોને આપણા તાબે નહિં રાખતાં આપણેજ પોતે મન અને ઇંદ્રિયોના તાબે થઈ જઇ તેમને જેમ રૂચેગમે તેમ કરિયે—ગમે તેવા કુમાર્ગે ચાલિયે એ આપદામાંજ આવી પડવાનો રસ્તોછે. પરંતુ તેજ મન અને તેજ ઇંદ્રિયોના તાબે નહિં થતાં તેમનેજ જ્ઞાન—અંકૂશ વડે આપણા તાબે કરી લેવાં—તેમનેજ આપણી લગામમાં રાખવાં, એ સુખ—સંપદા પામવાનો (અતિ ઉત્તમ) માર્ગ છે. આ બંને વાત સિદ્ધાંત રૂપ છે, એટલે કે ઇન્દ્રિયોના ગુલામ થઇ જઈ પરવશ બની બેસવાથી આપદામાંજ આવી પડવું પડે છે અને તેમનેજ આપણા કાબુમાં રાખી રહેવાથી સુખ સંપદાજ મળે છે. બંધુઓ ? આ અચળ સિદ્ધાંત રૂપ સાચે સાચી વાત તમને એકાન્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિત બુદ્ધિથી નિવેદન કરિયે છીએ. પછી તમોને જે પસંદ પડે તે માર્ગ આદરો. [1]સન્માર્ગ આદરશો તો ચોક્કસ તમેજ સુખી થશો અને [2]ઉન્માર્ગ આદરશો તો દુઃખી પણ તમેજ થશો.

તમારૂં શ્રેય કરવું-સુધારવું કે બગાડવું, એ તમારાજ હાથમાં છે. તમે તમારૂં શ્રેય ચાહો છો? કે અશ્રેય ચાહો છો? જો તમે તમારૂં શ્રેયજ ચાહતા હો! અશ્રેય ન જ ચાહતા હો તો તમે આ અચળ સિદ્ધાંતને તમારા હૃદયમાં સ્થાપી રાખો, તેને કદાપિ પણ વિસરી જશો નહિં, તેથી થતા ગુણદોષનો, સુખ દુઃખનો અને ટુંકામાં લાભ હાનિનો વારંવાર વિચાર કરજો. અરે! મ્હારા વ્હાલા બંધુઓ! એ અચળ સિદ્ધાંતનો વિચાર માત્ર કરીને તમે વિરમી જશો નહિં, પણ વિવેક વડે તેમાંથી શુદ્ધ સાર ગ્રહણ કરી હંસની પેરે સાર ગ્રાહી થજો. સન્માર્ગનું સેવન કરનાર સદાય સુખીજ થાય છે અને ઉન્માર્ગ ગામી જીવો અવશ્ય દુઃખીજ થાય છે એમ સમજી, મનમાં નિશ્ચય કરીને સત્ય સુખના અર્થી ભાઇ બ્હેનો! તમે સન્માર્ગેજ સંચરજો અને તમારાં વ્હાલાં બંધુજનો અને બાળ બચ્ચાં પણ સન્માર્ગેજ સંચરે એવી કાળજી રાખજો તેનો બદલો તમને મળશેજ.

## આવા ઉત્તમ બ્રહ્મચારી શીરશા વંદ્ય છે.

" जेनो करंति मणसा निज्जियाहार सण्णा सोइंदी ।
पुढवी कायारंजं, खंती जुश्रा ते मुणी वंदे. " ॥ १ ॥
" खंती मद्दव अज्जव, मुत्ति तव संजमे बोधव्वे, ।
सच्चं सोश्रं अकिंचणं च बंभं च जइ धम्मो. " ॥ २ ॥

**ભાવાર્થ**—ક્ષમાદિક દશ પ્રકારના યતિધર્મ યુક્ત જે મુનિજનો મન, વચન અને કાયાથી, આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞાનો સર્વથા જય કરી, શ્રોત્ર (કર્ણ) પ્રમુખ

---

1 સંતોષ ઇન્દ્રિય દમન શુદ્ધશીલ પ્રમુખ. 2 અનીતિ અસંતોષ, પરસ્ત્રી ગમન, વેશ્યા ગમન, કુદરત વિરૂદ્ધ વર્તન અને હસ્તક્રિયા પ્રમુખ સ્વવીર્ય વિનાશક ખોટો માર્ગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંચે ઇંદ્રિયોને સ્વવશ વર્તાવી પૃથ્વીકાય પ્રમુખ જીવોની વિરાધના કરતા, કરાવતા કે અનુમોદતા નથીજ તેઓને હું (ત્રિવિધે) પ્રણમું છું. તેવા ઉત્તમ મુનિજનો અઢાર હજાર શીલાંગ રથના ધોરી કહેવાય છે. સર્વ સદાચાર તેમનામાં સમાવેશિત થાય છે. ક્ષમા, મૃદુતા (નમ્રતા), રૂજુતા (સરલતા), સંતોષ, તપ, સંયમ, સત્ય, શૌચ (શુદ્ધિ), નિરીહતા (નિસ્પૃહતા) અને બ્રહ્મચર્ય એ દશ પ્રકારનો મુનિ-માર્ગ વખાણ્યો છે. ૨

## બ્રહ્મચર્ય શબ્દનો ભાવાર્થ.

**બ્રહ્મ** એટલે આત્મજ્ઞાન, શુદ્ધશીલ, પરમાત્મ સ્વરૂપ, (શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ રહિત દેહાતીત દશા) તેમાં **ચર્યા** એટલે રમણતા (એક નિષ્ઠાથી નિષ્કામપણે તેનું સેવન).

## "બ્રહ્મચર્યના અર્થ ઉપર થતો ઉહાપોહ."

અનાદિ અજ્ઞાન (**અવિદ્યા**) યોગે, આત્મા કોણ છે? આત્માનું શું લક્ષણ છે? આત્માની કેટલી શક્તિ છે? અને આત્માનું શું કર્તવ્ય છે? એ વિગેરે ખાસ ઉપયોગી **આત્મ-જ્ઞાન** અવરાઇ ગયું છે તેને સદ્‌ઉપાયવડે પ્રગટ કરવું અને પ્રયત્ન વડે પ્રગટ થયેલા આત્મજ્ઞાનની સદાય રક્ષા અને વૃદ્ધિ કરવી એ આ માનવ જન્મમાં જેવી અનુકૂળતાથી બની શકે તેવી અનુકૂળતાપ્રાયઃ અન્ય કોઇ ગતિમાં ઉપલબ્ધ થઇ શકતી નથી. તેમ છતાં અજ્ઞાન જીવ મોહ અને પ્રમાદવશ બની ઉત્તમ એવું **આત્મજ્ઞાન** મેળવવા જોઇએ તેવો ઉદ્યમ ઉલટભેર કરતા નથી. તેથી તેઓ અદ્દભૂત આત્મ જ્ઞાનથી બેનશીબ રહે છે. જીવને અનાદિ અવિવેક યોગે મોહવશ પાંચે ઇંદ્રિયોના વિષયોમાં એવી લગની લાગી છે કે જીવ ધારે તો વિવેકથી મન અને ઇંદ્રિયોને સંપૂર્ણ કાબૂમાં રાખી શકે, તેને બદલે એક દીન-રંક જેવો બની તેનેજ પરવશ થઇ ગયોછે. અને પોતાનીજ ખોટી ભ્રમણાથી આ ભવ-અટવીમાં અનેક જાતની વિટંબના પામ્યા કરેછે. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ રૂપ ઇંદ્રિયના એક એક વિષયમાં લુબ્ધ બનેલા હરિણાદિક પોતાના પ્યારા પ્રાણને ખોઇ બેસેછે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો એકી સાથે અવિવેકથી પાંચે ઈંદ્રિયોના ક્રૂર વિષયોના પાસમાં પડેલાં પ્રાણીઓ શી રીતે બચી શકે ? તેથીજ જેમ બને તેમ સદ્બોધ મેળવી વિષયાસક્તિ ઓછી કરીને પોતાની ઇંદ્રિયો ઉપર કાબૂ મેળવી તેજ ઇંદ્રિયો આપણને સન્માર્ગ સેવનમાં સદાય સહાયભૂત થાય તેમ કરવું જોઈએ. પૂર્વે અનેક ઉત્તમ સ્ત્રી પુરૂષોએ તેવીજ રીતે પોતાના મન અને ઈંદ્રિયોને બરાબર નિયમમાં રાખી, સન્માર્ગ ગામી થઈ સ્વ-પર હિત સાધીને પોતાનાં નામ અમર કર્યાં છે, તેમ અત્યારે પણ ઉત્તમ સ્ત્રી પુરૂષોએ પોતાનો પુરૂષાર્થ ફોરવીને મન તથા ઈંદ્રિયોને ઉન્માર્ગે જતાં અટકાવી સન્માર્ગ ગામી કરવાં જોઇએ.

## " બ્રહ્મચર્ય પાળવાથી નવી સંતતિ ઉપર થતી અસાધારણ અસર. "

પોતાની ઉછરતી સંતતિને પણ સુધારવાને એ ઉત્તમ ઉપાય છે. જેવું સારૂં કે ખોટું વર્તન પોતાનાં માબાપ, ભાઇભાંડુ, વિગેરે વડીલ વર્ગમાં કે સોબતી લોકોમાં બાળબચ્ચાં જુવે છે તેવું સારૂં કે ખોટું વર્તન કરતાં તેઓ સહેજે શિખે છે, એ બાળબચ્ચાંનો એક સ્વાભાવિક નિયમ છે. જો તમે તમારાં બાળબચ્ચાંને ઉત્તમ રત્ન જેવાં અમૂલ્ય બનાવવા ઇચ્છતાજ હો તો **પ્રથમ તમેજ સદ્વર્તનવાળાં બનો** અને તેમને (તમારાં બાળ બચ્ચાંને) તેવા **સારા સંસર્ગમાંજ રાખો.** તેમના કાને એક પણ અપશબ્દ ન પડે તેવી પૂરતી કાળજી રાખો. તમે પોતે મુખમાંથી મધુર (મીઠી) અને સભ્ય વાણીજ બોલો. કાનમાં સાંભળતાંજ કડવી ઝેર લાગે તેવી અસભ્ય વાણી નજ બોલો. કદાપિ પણ ગુસ્સામાં આવી ગાળો ભાંડવાની નઠારી ટેવ છોડીદ્યો. બાળબચ્ચાંને ભય ઉત્પન્ન કરાવે તેવાં ભયાનક વચન પણ ન બોલો, પરંતુ તેમનું હૃદય હિંમતી બને તેવાં ઉત્સાહ ભરેલાં અવસર ઉચિત વચનજ ઉચ્ચરો. તમારાં બાળબચ્ચાંઓની ઉન્નતી-શુભ આશાઓ અને ઇચ્છાઓ છેદી ન નાંખો પણ તે ફળીભૂત થાય-નિષ્ફળ નજ થાય તેટલા માટે તમારે તેમને અવસર ઉચિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેળવણી આપી તેનું પોષણ કરવું. પરંતુ જંગલીની જેવી જુલમી રીતી આદરીને તેનો ભંગજ કરવામાં બહાદૂરી માનવી નહિ.

## ' બાળ બચ્ચાંઓને કાળજીથી કેળવવાવડે થતા લાભ ' અન્યથા થતી હાનિ.

જેમ ગર્ભવંતી સ્રીને ઉત્તમ ગર્ભના પ્રભાવે સારા સારા દોહદ (મનોરથ) પેદા થાયછે, તે જો બરાબર અવસરે પૂરવામાં આવેછે તો અંદરના ગર્ભને પોષણ મળેછે; અને સ્રી પણ સુખી થાયછે. પરંતુ જો પેદા થયેલા દોહદ પૂરવામાં વિલંબ કે ઉપેક્ષા કરવામાં આવેછે તો તે ગર્ભને અને ગર્ભિણી સ્રી બંનેને હાનિ પહોંચે છે તેવીજ રીતે નિર્દોષ મનનાં બાળ બચ્ચાંઓને સ્વાભાવિક રીતે પૂર્વના અભ્યાસ વડે શુભ ઇચ્છાઓ થાય તે સઘળી ઇચ્છાઓ બની શકે ત્યાં સુધી પૂરી કરવી–એક પણ ઇચ્છાનો ભંગ નજ કરવો–એ ઉત્તમ માબાપ કે વડીલની ખાસ ફરજ છે. કેટલાંક મૂર્ખ અણુકેળવાયેલાં જંગલી જેવાં માબાપો કે વડીલ લોકો બાળ બચ્ચાંની ઉગતી આશાઓ અને ઇચ્છાઓનો સર્વથા ભંગ કરવા ઇચ્છેછે તે તેમની મોટામાં મોટી કસૂર છે. નિર્દોષ મનનાં બાળ બચ્ચાં જેમનાં ઘરમાં ઉત્તમ રીતે પોષાય છે, સંતોષાય છે, અને કેળવાય છે તેમનાં ઘર સ્વર્ગની જેવાં સુખદાયક બની રહેછે.પરંતુ તેથી વિપરીત વર્તન જેમનાં ઘરમાં સદાય વર્તેછે તેમનાં ઘર સ્મશાન જેવાં ઉદ્વેગ જનક થઈ પડેછે. જો ઉછરતા છોડવાંની જોઈએ એવી સમય ઉચિત સુંદર માવજત કરવામાં આવેછે તો તે છોડવા યથાયોગ્ય પોષણ મેળવી સુંદર–દેખાવડાં અને શુભ ફળદાયી નીવડેછે. પરંતુ જો તેની સમય—ઉચિત-માવજત સાચવવામાં ગફલત કરવામાં આવેછે તો તે કરમાઈ જઇ છેવટે મરણને શરણ થાય છે, જેથી તેનો ધણી તેનાં મીઠાં ફળ મેળવવાથી વંચિત રહેછે (ફળ મેળવી શકતોજ નથી) તેમ જો બાળ સંતતિને મૂળથીજ સારી રીતે કેળવવામાં પૂરતી કાળજી રાખવામાં આવે છે, તેમની હાજતો યથાયોગ્ય વખતસર વિલંબ વગર પૂરવામાં આવે છે તો તે સંતતિ પ્રસન્ન મનવાળી, ઉત્તમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનાથી ભરેલી, કદાવર બાંધાની અને અનુક્રમે ઉત્તમ અભ્યાસ બળથી, અનેક શુભ કાર્યને કરનારી નીવડે છે. આવું ઉત્તમ પરિણામ જો માબાપ વિગેરે વડીલ વર્ગ દીર્ઘ દૃષ્ટિથી બાળ બચ્ચાંનું એકાન્ત હિત હૈડે ધરીને તેમને શરૂઆતથીજ કાળજી રાખીને કેળવે છે તોજ આવે છે. નહિં તો તેથી જૂદુંજ પરિણામ આવે છે. બાળકોમાં અવલોકન કરવાની સ્વાભાવિક ટેવ હોય છે તેથી તે જેવું સારૂં નરસું જોવે છે તેવું જલદી શિખીને તેનું અનુકરણ કરવા માંડે છે. તેથી બાળ બચ્ચાંનું એકાન્ત હિત ઇચ્છનાર ઉદાર ભાઇ બ્હેનોએ તેમની સમીપ કોઇ પણ પ્રકારની કુચેષ્ટા કરવી કે કરાવવી નહિં. તેમજ જયાં તેવી કુચેષ્ટા થતી જોવામાં આવે ત્યાં તેવા માઠા સંસર્ગમાં તેમને રખડતાં મૂકવાં નહિ. જો જન્મેલાંબાળ બચ્ચાંઓને મૂળથીજ ઉત્તમ સંસર્ગમાં રાખવા જરૂર પૂરતી દરકાર રાખવામાં આવે તો તેઓ બચપણમાંજ શુભ સંસર્ગથીજ **વજ્રસ્વામી**ની પેરે એટલું બધું શિખી શકે છે કે તે જોઈને ભલાં ભલાં માણસ પણ ચકિત થઇ જાય છે. આવી દરકાર વ્હાલાં માબાપોએ રાખવાની વધારે જરૂર છે. બચપણમાં મુગ્ધપણાથી તેમને ગુણ દોષનું ભાન બહુધા ઓછું હોય છે તેથી બાળ બચ્ચાંઓનાં ખાનપાન આશ્રી પણ વધારે દરકાર રાખવી વડીલ ઉપર રહે છે. ઉપર જણાવ્યું તેમ બીજાનું દેખી સારી કે ખોટી આદતો તેમનામાં જલદી પડી જાય છે, માટે તેમનામાં ખોટી આદતો દાખલ થવા ન પામે તેની પૂરતી કાળજી રાખવાની છે અને જેના સંસર્ગમાં તે બાળ બચ્ચાં ઉછરે તેમણે પણ તેમના હિતની ખાતર બૂરી આદતોથી સદંતર દૂરજ રહેવા પ્રયત્ન કરવો જોઈએ. આ ઉપરથી શિક્ષકોએ પણ જાતે કેવાં સુશિક્ષિત થઈને બચ્ચાંઓને સુશિક્ષિત કરવાં જરૂરનાં છે એ ભાવાર્થ સહેજે તરી આવે છે. કેટલાક અણઘડ શિક્ષકો અણઘડ માબાપોની પેરે બાળ બચ્ચાંઓને સારી રીતે કેળવવાંને બદલે તેમને મારકૂટ કરી પજવે છે, યાવત્ એક મદોન્મત્ત જૂલમી જંગલી નાયકની પેરે તેમની ઉપર નાના પ્રકારનો જૂલમ ગુજારે છે તેથી બચ્ચાંઓનું હિત સચવાતું નથી પણ પ્રાયઃ અહિતજ થાય છે. એવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધમ નીતિ માબાપોએ તેમજ શિક્ષકોએ કદાપિ પણ આચરવી જોઇએ નહિં. બાળ બચ્ચાંઓ જોર જૂલમથી કેળવી શકાતાં નથી પરંતુ ખરા પ્રેમથીજ કેળવી શકાય છે. ખરા પ્રેમથી જંગલી જાનવર જેવાં ક્રૂર પ્રાણીઓ પણ વશ થઇ આવે છે તો કેવળ નિર્દોષ મનનાં માનવી બાળબચ્ચાંઓનું તો કહેવુંજશું ? તેમને કેળવી ઉત્તમ મનુષ્ય રત્ન બનાવવા માબાપોએ તેમજ શિક્ષકોએ એક દેવતાઇ પ્રેમનોજ ઉપયોગ કરવો યુકત છે. જો બચ્ચાંઓને તેમના હિતની ખાતર પ્રેમ સહિત સારા સુંદર નમુના બતાવી બોધ આપવામાં આવે છે તો તે તેમનાં દીલમાં તરત ચોંટી જાય છે અને તેની અસર ઘણા લાંબા વખત સુધી ટકી રહે છે. દૃષ્ટાંત તરીકે તેમને એક સુંદર બગીચામાં લઈ જઈ તેમાં રહેલાં અનેક ઉત્તમ સુગંધી અને ખીલેલ ફૂલવાળાં છોડવાં અને પાકેલ ફૂલવાળાં વૃક્ષો બતાવી બતાવી અનુક્રમે તેમની સમજમાં ઉતરે એવી સાદી ભાષામાં, તેમના પોતાનાજ અંગ ઉપાંગની ખીલવણી અને ચિત્તની પ્રસન્નતા વિગેરે બધું ઉત્તમ પ્રકારની કેળવણીથીજ નીપજે છે એમ તેમની સાથે મુકાબલો કરી કરીને બતાવવામાં આવે તો તેથી તે કોમળ–નાજુક વયનાં બચ્ચાં ઉપર બહુજ સારી અને સ્થાયી અસર થાય છે. મતલબ કે તેમને આવા આવા રમુજી–મનહર દેખાવો દેખાડી તેમના મન ઉપર જોઇએ તેવી સારી અસર ઉત્પન્ન કરવી જોઇએ. આવી પ્રેમાળ રીતિથી બાળકોના દીલ ઉપર જેવી ઉત્તમ અસર ઉપજાવી શકાય તેવી અસર બીજા કલ્પિત ઉપાયથી ઉપજાવવી બહુ મુશ્કેલ છે. વળી તેમને પ્રેમથી કેળવવા ચાહનાર સજ્જન ભાઇ બ્હેનોએ એક બીજી પણ અગત્યની વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે જ્યારે બચ્ચાંઓને પૂર્વ અભ્યાસથી કંઈ શુભેચ્છા થઇ આવે તો તે તત્કાળ સફલ કરવા બનતો પ્રયત્ન કરવો, અને કદાચ દૈવયોગે અશુભ ઇચ્છા થઈ આવે તો તે કઠોર વચનથી નહિં પણ મીઠાં વચનથી યુકિત સહિત સમજાવી ફેરવી નંખાવી તેમનામાં શુભ ઈચ્છા ઉત્પન્ન કરાવવી. તેમનામાં કંઇ કસૂર આવે ત્યારે તરત ખીજવાઇ જઇ તેમને તરછોડી નાંખવા નહિં પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ એક ભૂલ થઈ છે એમ એમનાજ સમજવામાં આવી જાય એમ યુક્તિથી પ્રેમ સહિત સમજાવવા પ્રયત્ન કરવો. એમ કરવાથી ઘણું કરીને તે ફરીવાર તેવી કસૂર કરશે નહિં. વળી જેમનાથી કશી કસૂર થઇ ન હોય તેમની કસૂર થઈજ છે એમ માની લેવાની ઉતાવળ કરી તેમને નકામો ઠપકો કે શિક્ષા આપવાનું પણ માબાપોએ અને શિક્ષકોએ **સાહસ** કરવું નહિં. તેમનામાં જે કંઈ ગુણ હોય, સદાચરણ હોય તે માટે તેમને મીઠી વાણીમાં યોગ્ય ઉત્તેજન આપતાં રહેવું તેથી બીજાં બાળકો પણ તેવા સદ્ગુણી—સદાચરણી થતાં સહેજે શીખશે એટલુંજ નહિં પણ ગુણવાન—સદાચરણી બાળકો પોતે અધિકાધિક ગુણ પ્રાપ્ત કરી શ્રેષ્ઠ સદાચરણી થવા ભારે ઉત્સાહી બનશે, આથી ખરા ગુણવાન—સદાચરણી બાળકોના ઉત્સાહની વૃદ્ધિ માટે તેમને સાબાશી આપવા, તેમની પીઠ થાપડવા અને તેમને તેમના ગુણની કદર ખાતર બીજું યોગ્ય ઊત્તેજન મળે એમ કરવું પણ જરૂરનું છે એમ સ્પષ્ટ થાય છે. યોગ્ય પોષણ વડે ગુણની ઘણીજ અભિવૃદ્ધિ થાય છે; જો તમે તમારૂં પોતાનું, તમારાં બાળ બચ્ચાંઓનું, કુટુંબનું, જ્ઞાતિનું, આખી કોમનું, જન સમાજનું કે **આખી આલમનું ભલું ઈચ્છતા** હો, ભલું કરવા ચાહતા હો અને ભલું થએલું જોવા ઉત્સુક હો તો સંક્ષેપથી ઉપર જણાવેલી હિત શિખામણ હૈયે ધરીને જેમ બને તેમ વધારે કાળજી રાખી, અવળે રસ્તે ખેંચી જતા તમારા મનને અને તમારી ઇંદ્રિયોને તમે પોતે નિયમમાં રાખવાનો અભ્યાસ પાડો તેમજ તમારાં બાળ બચ્ચાંઓ તમારા કરતાં પણ અધિક સંયમવાન બને એટલે પોતાની મન અને ઇંદ્રિયો ઉપર અચ્છો અંકુશ રાખતાં શીખે તેની સંભાળ રાખો, તેમાં ગફલત ન કરો. એવી ઉત્તમ પદ્ધત્તિ જેમ બને તેમ જલદી તમારા કુટુંબમાં દાખલ કરશો તો તમે થોડા વખતમાં અલ્પ પ્રયાસે તમારો કુટુંબ સુધારો કરવા ભાગ્યશાળી બનશો, એટલુંજ નહિ પરંતુ તમારા કુટુંબમાં થયેલો આશ્ચર્ય કારક ઉત્તમ સુધારો જોઈને બીજાં અનેક ઉદાર કુટુંબો તમારો દાખલો લઇ તેનું અનુકરણ કરતા થશે તેથી શીઘ્ર જ્ઞાતિ સુધારો, કોમ સુધારો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાજ સુધારો પણ થઇ શકશે. આવો દુર્લભ માનવ ભવ પામ્યાનું એજ ઉત્તમોત્તમ કર્તવ્ય છે. જે ભવ્યાત્માઓ તેમાં આળસ રહિત આદર કરશે તે પોતે મહા પુન્ય હાંસલ કરશે એટલુંજ નહિં પણ અનુક્રમે આખી આલમને પુન્યશાળી બનાવવા ઉત્તમ આલંબન રૂપ બનશે. પોતાનું સાચું હિત જેમાં સમાયેલું હોય તે કાર્ય ગમે તેટલું કઠણ હોય તોપણ શાણા માણસો તેની ઉપેક્ષા કરતા નથી પણ તે (કાર્ય) સાધી લેવા માટે એવી કુનેહથી અભ્યાસ કરે છે કે તે કાર્ય ગમે તેટલું કઠણ છતાં સતત્ અભ્યાસથી સુલભ બની જાયછે

જ્યારે જીવને સંસાર અટવીમાં અરહા પરહા અનેક વાર અથડાતાં અથડાતાં કવચિત્ પુન્યયોગે કોઇ ઉત્તમ જ્ઞાનીનો યોગ મળે છે અને તેમના તરફ પ્રેમ-ભકિત જાગતાં ઉચિત વિનય ( નમ્રતા ) આદરીને તેમની ઉપાસના ( સેવના ) કરે છે ત્યારે તેમના પ્રસાદથી જીવનું અનાદિ અજ્ઞાન દૂર ટલે છે અને અંતરમાં નિર્મળ જ્ઞાનનો પ્રકાશ જાગે છે. તેથી હિત-અહિત કર્તવ્ય-અકર્તવ્ય, ગુણ દોષ અને લાભ-હાનિને યથાર્થ ઓળખી સ્વહિત માર્ગને સ્વકર્ત્તવ્ય સમજી આદરી શકે છે, જેથી તેને પ્રતિદિન ગુણ વૃદ્ધિ રૂપ મહાલાભ સંપજે છે. અનાદિ અજ્ઞાન અંધકારથી અંજાયેલા પામર પ્રાણીઓ જેમાં ચોક્કસ સ્વહિત સમાયેલું હોય, જે પોતાનું ખાસ કર્ત્તવ્યજ હોય અને જેથી પોતાને અપૂર્વ ગુણ-લાભ થવાનો હોય તેને તુચ્છ ક્ષણિક વિષય સુખમાં લંપટ બની જવાથી દેખીજ શકતા નથી; તો પછી તેવા હિતાચરણને સ્વકર્ત્તવ્ય સમજી અપૂર્વ ગુણના લાભ માટે તે બાપડા આચરી શકેજ શીરીતે ? તેવા સ્વાર્થ અંધ બનેલા પામર પ્રાણીઓ પણ દ્વેષ કરવા યોગ્ય નથી પરંતુ બની શકે ત્યાં સુધી અનુકંપા કરવા યોગ્ય છે. કેમકે પ્રબળ અજ્ઞાન અને મોહવશ સહુ કોઈની એવીજ અધમ દશા હોયજ છે. જેમ જેમ અને જ્યારે જ્યારે પુન્ય યોગે કોઇ ઉત્તમ જ્ઞાની મહાત્માની ઉત્તમ સહાય મળતી જાય છે તેમ તેમ અને ત્યારે ત્યારે જીવની દશામાં સુધારો થતોજ જાય છે. તેથી કોઇનામાં પ્રબળ દોષ-વિકાર જોઇ આત્મ જ્ઞાની પુરૂષો ઉમગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જતા નથી, પરંતુ સામાનો દોષ ટાળી શકાય એવી સ્થિતિમાં સમજાય છે તો તેઓ તેને ટાળવા કરૂણા બુદ્ધિથી બનતો પ્રયાસ કરી ચૂકે છે. તેમ છતાં કોઇ ભારે કર્મી જીવ ' **મધુ બિંદુના** ' દ્રષ્ટાંતે વિષય સુખ માં અતિ લુબ્ધ બનેલો હોય તો તે જ્ઞાની- મહાત્માની એકાન્ત હિત-કારી શિક્ષાનો અનાદર પણ કરે છે અને જે ભવ્યાત્મા ભવ અટવીમાં અનન્ત કાળથી ભ્રમણ કરવા વડે બહુજ સંતપ્ત થયેલો હોવાથી અતિ તૃષાતુર બન્યો હોય છે તેને તો સ્થિતિ પરિપાક પ્રમુખ કારણ યોગે સદ્ગુરૂજીનું હિત વચન અમૃત સદ્દશ પ્રિય લાગે છે, અને અત્યંત રૂચિ સહિત તે હિત વચનનું શ્રવણ કરી, નિઃસ્વાર્થ પણે કહેવાયેલાં તે વચનોનું મનન કરે છે અને તેનું સુંદર પરિણમન થવાથી અનાદિ મોહ–મમતા યોગે સેવવામાં આવતું વિષય–વિષ વમી નાંખી સ્વસ્થ પણે સ્વહિત સમાચરે છે. સદ્ગુરૂના નિઃસ્વાર્થ વાળાં વચનાનુસારે વર્તી જે ભવ્યાત્માએ પોતાના સ્વેચ્છાચારી મનનો નિગ્રહ કરી પાંચે ઇંદ્રિયોનું સારી રીતે દમન કરેછે તેઓ **શુદ્ધશીલ** યા **બ્રહ્મચર્ય**ના સેવનથી ઉત્તમ પ્રકારના સંતોષ વડે આત્માના સ્વાભાવિક સુખનો અનુભવ કરવા ભાગ્યશાળી બની અનુક્રમે સકળ કર્મ ( દોષ ) નો સર્વથા સંહાર કરી **પરમાત્મ પદ** ને પામેછે.

ઇતિ શમ્.

# આત્મજ્ઞાનનો સરલ–શુદ્ધમાર્ગ.

( ગતાંક પૃષ્ટ ૨૮૭ થી શરૂ. )

## હવે પાંચ પ્રકારના દુષણો કહેવામાં આવે છે.

**શંકા.** ૧ શંકા એટલે રાગદ્વેષથી રહિત, યથાર્થ ઉપદેશના કરનાર અને સર્વજ્ઞ એવા જિનેશ્વરના વચનને વિષે સંશય તે શંકા સમ્યકત્વને બાધિત કરનારી છે, તેથી તે સમ્યકત્વનું પહેલું દૂષણ કહેવાય છે તેથી સમ્યક્ત્વ દર્શ-નીઓએ એ શંકાનો સર્વથા પરિહાર કરવો જોઇએ. વળી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે શંકાથી લોકમાં પણ માણસ પોતાના કાર્યને સિદ્ધ કરી શકતો નથી. શંકાલુ માણસનું કાર્ય નાશ પામી જાય છે, જેઓ નિઃશંક રહેનારા છે, તેઓના કાર્ય અવશ્ય સિદ્ધ થયેલા દેખાય છે.

**'કાંક્ષા'.** એટલે અન્ય દર્શનનો અભિલાષ, તે ઉત્પન્ન થવાથી પરમાર્થ રીતે શ્રી અરિહંત ભગવાને કહેલા આગમ ઉપર અવિશ્વાસ થાયછે, તેથી તે સમ્યકત્વને દૂષણ કહેવાય છે. સમ્યકત્વંત પુરૂષોએ તે કાંક્ષા દૂષણનો પરિહાર કરવામાં યત્ન કરવો. કારણકે, લોકમાં પણ કાંક્ષા કરનારો પુરૂષ ઘણાં દુઃખોનો ભાગી થતો દેખાય છે.

**ત્રીજું વિચિકિત્સા દૂષણ.** જિનેશ્વરની આજ્ઞાને અનુસરી ચાલનારા અને શુદ્ધ આચાર ને ધારણ કરનારા મુનિ આદિ (આદિ શબ્દથી શ્રાવકો પણ લેવા) તેમની જે નિંદા કરવી, તે વિચિકિત્સા નામે ત્રીજું દૂષણ કહેવાય છે. તે સમ્યકત્વને દુષિત કરનારૂં હોવાથી તેને દૂષણ તરીકે કહેલું છે. એ વિચિકિત્સા દૂષણને સર્વથા વર્જિત કરવું. જેમને સમ્યકત્વ રત્ન પ્રાપ્ત થયેલ છે, અને જેઓ સમ્યકત્વને વિષે પ્રયત્નવંત છે, એવા પુરૂષોની તથા બીજા હરકોઇ પુરૂષની નિંદા કરવી યોગ્ય નથી. તેમાં જે નિર્દોષ એવા સાધુ પ્રમુખ ઉત્તમ પુરૂષો છે, તેમની નિંદા તો સર્વથા વર્જવી એવો ન્યાય છે. જે શ્રદ્ધાલુ એવા બીજાની આગળ પોતાના ગુરૂજનની નિંદા કરેછે, અને જેઓ સ્વયં મંગળરૂપ અને મંગળના કારણરૂપ એવા ત્યાગી ગુરૂઓને સન્મુખ આવતા જોઇ "આ અમંગળનું કારણરૂપ મારે અપશુકન થયાં, હવે આથી મારા કાર્યની સિદ્ધિ નહીં થાય" આ પ્રમાણે પોતાના મનમાં ચિંતવે છે, તેઓમહા મૂઢપણાવાળા, જિન વચનથી વિમુખ, એકાંતે મિથ્યા દૃષ્ટિવાળા અને દુષ્કર્મના બંધક જાણવા. જ્ઞાની મહારાજ કહેછે કે, તેવા દુષ્ટ પ્રાણીઓની આ લોક તથા પરલોકમાં પ્રાયે કરીને કોઇ વખત પણ વાંછિત કાર્યની સિદ્ધિ થતી નથી. એ સમ્યકત્વનું વિચિકિત્સા નામે ત્રીજું દૂષણ કહેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મિથ્યાત્વની પ્રશંસા કરવારૂપ સમ્યકત્ત્વનું ચોથું દૂષણછે.

**કુદૃષ્ટિ પ્રસંશા.** કુદૃષ્ટિ એટલે ખરાબ દૃષ્ટિવાળા, જેનું યથાયોગ્ય શુદ્ધ દર્શન નથી, એવા અશુદ્ધ ધર્મવાદી કુતીર્થી, તેમની જે પ્રશંસા કરવી, તે સમ્યકત્ત્વનું ચોથું દૂષણ છે. તે પ્રથમ કહેલા હેતુથી વર્જવું. કારણ કે, તે સમ્યકત્ત્વને મલિન કરેછે. જેઓ કુતીર્થિઓના કાંઇક અતિશય વગેરે જોઇ “ આ ઠીક છે, આ મત ગ્રાહ્ય છે, કારણકે જેની અંદર આવા અતિશયવાળા હોય છે ” આ પ્રમાણે જે પ્રશંસા કરે છે, તે મૂઢ નિષ્કારણ પોતાનું શુદ્ધ સમ્યકત્ત્વ રત્ન મલિન કરે છે.

## મિથ્યાત્વીનો પરિચય.

મિથ્યાત્વીઓનો પરિચય રાખવો, એ સમ્યકત્ત્વનું પાંચમું દૂષણ છે. ઉપર કહેલા કુદૃષ્ટિઓની સાથે આલાપ સંલાપ પ્રમુખથી પરિચય કરવો, તે પણ સમ્યકત્ત્વને દૂષિત કરે છે, માટે એ પાંચમા દૂષણનો સર્વથા પરિહાર કરવો. જેઓ સુદૃષ્ટિવાળા મુનિઓ વગેરે હોય તેમનોજ પરિચય કરવો. કુદૃષ્ટિઓનો પરિચય ન કરવો. મિથ્યાત્વી-ઓનો કરવાથી નંદ મણિકાર શેઠની પેઠે પ્રાપ્ત થયેલ સમ્યકત્ત્વરૂપ રત્ન નાશ પામે છે.

## હવે સમ્યકત્ત્વના આઠ પ્રભાવક કહે છે.

હવે સમ્યકત્ત્વના આઠ પ્રભાવક કહે છે. જેનાથી સમ્યકત્ત્વનો પ્રભાવ વધે તે પ્રભાવક કહેવાય છે.

**૧ પ્રવચની પ્રભાવક.** પ્રવચન એટલે દ્વાદશાંગી. તે જેને અતિશયની પેઠે હોય તે પ્રવચની કહેવાય છે. વર્ત્તમાનકાળને યોગ્ય એવા જે જેસૂત્રો છે, તેના અને તેના અર્થના ધારણ કરનારા તિર્થના વહન કરનારા જે આચાર્ય તે પ્રાવચની કહેવાય છે. દેવર્દ્ધિગણીક્ષમાશ્રમણાદિક પ્રથમ પ્રવચનના પ્રભાવક થયા હતા. આવા પ્રકારના આચાર્યો શ્રી જિન- શાસનના પ્રભાવક કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ધર્મકથી બીજા પ્રભાવક.**

બીજા ધર્મકથી નામે પ્રભાવક કહેવાય છે. જેમની ધર્મકથા પ્રશસ્ત હોય તે ધર્મકથી કહેવાય છે. તેઓ ક્ષીરાશ્રવ લબ્ધિ પ્રાપ્ત કરી જલ સહિત મેઘની ગર્જના જેવી વાણીવડે આક્ષેપણી, વિક્ષેપણી, સંવેદની, અને નિર્વેદની એવી ચાર જાતની દેશનાવડે લોકોના મનને પ્રમોદ ઉત્પન્ન કરે તેવી ધર્મકથાઓ કરે છે અને તેમનાથી ઘણા ભવ્યજીવોને પ્રતિબોધ કરે છે. તેવા ધર્મકથી શ્રીનંદિષેણ વિગેરે હતા.

## તે ચાર પ્રકારની કથાઓનાં લક્ષણ.

૧ જેમાં હેતુ દૃષ્ટાંતવડે સ્યાદ્વાદની પદ્ધતીથી પોતાનો મત સ્થાપન કરવામાં આવે, તે આક્ષેપણી કથા કહેવાય છે.

૨ જેમાં પૂર્વાપર વિરોધવડે મિથ્યાદૃષ્ટિના મતનો તિરસ્કાર કરવામાં આવે તે વિક્ષેપણી કથા કહેવાય છે.

૩ જે માત્ર સાંભળવાથી ભવ્યજીવોને મોક્ષનો અભિલાષ થાય, તે સંવેદની કથા કહેવાય છે.

૪ જેમાં સંસારના ભોગના અંગની સ્થિતિ–લક્ષણનું માત્ર વર્ણન કરવાથીજ ભવ્ય જીવોને તે વૈરાગ્યનું કારણ થાય, તે નિર્વેદની કથા કહેવાય છે.

**ત્રીજા વાદી નામના પ્રભાવક.**

વાદી, પ્રતિવાદી, સભ્ય અને સભાપતિ એ ચતુર્વિધ પર્ષદાને વિષે પ્રતિપક્ષનું નિરાકરણ કરવા પૂર્વક સ્વપક્ષનું સ્થાપન કરવા ભાષણ વિગેરે કરે તે વાદી નામે શાસનના ત્રીજા પ્રભાવક કહેવાય છે. જે વાદલબ્ધિથી સંપન્ન અથવા વદુકવાદી હોઇ દેવતાઓના વૃંદોથી પણ જેમના વચનોનો વૈભવ મંદ કરી શકાય નહીં એવા હોય તે વાદી કહેવાય છે. તે ઉપર પ્રત્યક્ષાદિ સર્વ પ્રમાણોમાં કુશળ અને પ્રતિવાદીનો જય કરી રાજદ્વારમાં મોટા માહાત્મ્યને પામેલા મલ્લવાદીનું દૃષ્ટાંત છે. તે મલ્લવાદી શાસનના ત્રીજા પ્રભાવિક જાણવા. તે મલ્લવાદીનીકથા અન્ય ગ્રંથોથી જાણી લેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિમિત્ત એટલે લાભ તથા અલાભને સૂચવનારૂં ત્રૈકાલિક જ્ઞાન તેને જે જાણે છે અથવા ભણે છે, તે નૈમિત્તિક કહેવાયછે.

**ચોથા નૈમિત્તિક નામે પ્રભાવક.** જિનમતના પ્રતિસ્પર્ધીને જીતવા માટે ભદ્રબાહુ સ્વામી પ્રમુખે અનેક નિશ્ચય ભરેલા ચમત્કારો બતાવ્યા હતા. ચોથા નૈમિત્તિક નામના શાસનના પ્રભાવકમાં મહાનુભાવ ભદ્રબાહુ સ્વામીનું વૃત્તાંત પ્રસિદ્ધ છે. તે વૃત્તાંત પ્રખ્યાત થયેલું હોવાથી અહીં આપવામાં આવ્યું નથી.

**પાંચમા તપસ્વી નામે પ્રભાવક.** વિશેષ ઉત્કૃષ્ટ અને દુઃખથી કરી શકાય તેવા અષ્ટમ પ્રમુખ તપને જે આચરે તે તપસ્વી કહેવાય છે. જે તપસ્વી શાંત રસથી ભરપુર થઈ અષ્ટમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ, પક્ષ, માસખમણ વગેરે અનેકજાતની તપસ્યા કરી જિનમતની પ્રભાવના કરે છે, તે વીર શાસનનો પાંચમા તપસ્વી નામે પ્રભાવક કહેવાય છે. તે વિષે શ્રી વીર પ્રભુએ વર્ણન કરેલા ધના કાકંદી નામના સાધુ વગેરેના વૃત્તાંતો પ્રખ્યાત છે. તે તપસ્વી નામે પાંચમા પ્રભાવક જાણવા.

**છઠ્ઠા વિદ્યાવાન્ નામે પ્રભાવક.** વિદ્યા એટલે પ્રજ્ઞપ્તિ પ્રમુખ શોળ વિદ્યાદેવીઓ અને શાસનદેવી તેઓ જેમને સહાયભૂત છે. તે વિદ્યાવાન્ નામે શાસનનો છઠ્ઠો પ્રભાવક કહેવાય છે. તે ઉપર મહાનુભાવ વજ્ર સ્વામીનું વૃત્તાંત પ્રસિદ્ધ છે.

**સાતમા સિદ્ધ નામે પ્રભાવક.** સિદ્ધ ચૂર્ણ, અંજન, પાદલેપ, તિલક અને ગુટિકા તથા વૈક્રિય પ્રમુખ સિદ્ધિઓ જેને પ્રાપ્ત થાય, તે સિદ્ધ નામે સાતમો પ્રભાવક કહેવાય છે. તે સિદ્ધ ચમત્કાર ભરેલા સંઘાદિકના કાર્યો સાધવાને માટે અને તે ચમત્કાર દ્વારા મિથ્યાત્વનો નાશ કરવા માટે તેમજ શાસનની પ્રભાવના વધારવાને માટે અવસર પ્રમાણે તે ચૂર્ણ અંજન વિગેરેને જોડવામાં કુશલપણું બતાવે છે. તેવા સિદ્ધોમાં આર્યસમિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્ય વગેરેના વૃત્તાંતો પ્રખ્યાત છે. તેઓ શાસનના સાતમા પ્રભાવક જાણવા.

**શાસન કવિ નામનો આઠમો પ્રભાવક.** જે નવનવા વચનોની રચનાઓથી સુશોભિત, શ્રોતૃ વર્ગના મનને હર્ષ ઉત્પન્ન કરનાર અને અનેક ભાષાએ ગ્રંથિત એવા ગદ્યમય તથા પદ્યમય પ્રબંધોનું વર્ણન કરે તે 'કવિ' કહેવાય છે. આપણા સત્યધર્મની વૃદ્ધિને અર્થે સુંદર તથા રસિક વચનોની રચના કરી રાજા પ્રમુખ ઉત્તમ જનોને તે પ્રતિબોધે છે, તેથી તે કવિ એ શાસનનો આઠમો પ્રભાવિક ગણાય છે. તે ઉપર સિદ્ધસેન દિવાકરનું દૃષ્ટાંત આપવામાં આવેછે. અપૂર્ણ.

# ખરો જૈન કોણ ?

આજ કાલ જૈન એ નામ એક સામાન્ય થઈ પડ્યું છે. શ્વેતાંબર, દિગંબર કે સ્થાનકવાસી દરેક પોતે જૈન હોવાનો દાવો કરે છે; પરંતુ તેઓ બધા કુલથી જૈન છે, એટલે કુલ પરંપરાએ તેઓ જૈન તરીકે ઓલખાય છે, પણ વસ્તુતાએ ખરો જૈન કોણ છે? તે દરેક જૈનવ્યક્તિએ જાણવાનું છે. શુદ્ધ જૈનના લક્ષણો આર્હત શાસ્ત્રમાં સારી રીતે દર્શાવવામાં આવેલા છે; પરંતુ મતમતાંતરને લઇને તે લક્ષણો સર્વદેશી છતાં એક દેશી ગણાય છે, તેથી સર્વ જૈનને લાગુ પડે તેવા સામાન્ય લક્ષણો જાણવાની જરૂર છે.

જે ખરો જૈન છે, તે પોતાના જીવનને એક પ્રથમ ધાર્મિક જીવન બનાવે છે, દયા ધર્મના જે તત્ત્વો કહેલા છે, તે બધા તત્ત્વોને તે તન, મન અને ધનથી અનુસરે છે, જેના હૃદયમાં જૈનપણાના સંસ્કારો દૃઢપણે લાગેલા છે, તેના હૃદયમાં શ્રદ્ધાનું સ્વરૂપ પૂર્ણ રીતે પ્રકાશે છે. પોતાના ધર્મના પ્રવર્ત્તકોએ જે વચનો ઉચ્ચારેલા છે, તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વચનોના પ્રત્યેક અક્ષરને તે હૃદયથી માન આપે છે અને તે પ્રમાણે પ્રવર્ત્તવા પ્રયત્ન કરે છે. પોતાનું જીવન સર્વસ્વ ધાર્મિક કાર્યોમાં અર્પણ કરે છે અને ખાન, પાન અને વિષયોપભોગ તરફ ઉપેક્ષા રાખે છે. માત્ર સુવર્ણ અને ભૂમિજ જેમને મુખ્ય પ્રાપ્ય વસ્તુઓ છે, ધન વૈભવજ જેમનો પરમેશ્વર છે, આ વિશ્વમાંના સુખ આરામ એજ જેમના જીવનની મર્યાદા છે, ગમે તે રસ્તે કીર્તિ સંપાદન કરવી એજ જેમની મુખ્ય નેમ છે, મરણનો વિચાર જેને સ્વપ્નામાં પણ આવતો નથી, જેમના મનો જરાપણ આગળ દૃષ્ટિ દોડાવતાં નથી અને જેઓ પોતે જે સમાજમાં રહે છે, તે સમાજ કરતાં ઉચ્ચતમ કે ઉત્તમ વસ્તુનો વિચાર માત્ર પણ કરતા નથી, તેવા પુરૂષો જૈન નામને એક અંશે પણ યોગ્ય નથી. ખરો જૈન એવા પુરૂષો તરફ ઉદાસીન ભાવથી વર્ત્તે છે. જ્યાં દરિદ્રતા, અદયા, મલિનતા, અશ્રદ્ધા અને અજ્ઞાનતા, નિંદા પ્રસરેલી હોય, તેવી સંસ્થા કે સમાજની અંદર શુધ્ધ જૈન કદિ પણ રૂચિ ધરાવતો નથી. જેના હૃદયમાં જૈન ધર્મના પવિત્ર તત્ત્વોના ઉપદેશો પ્રવેશ કરેલો છે, તે જૈન કોઇ પણ જાતના બાહ્ય આડંબરથી આકર્ષાતો નથી. તેના હૃદયની ઇષણાઓમાં દુષ્ટ વૃત્તિ કે અયોગ્ય અભિલાષનો પ્રવેશ થઈ શકતો નથી. તે બીજાની વસ્તુ કદિ તે અલભ્ય અને ઉત્તમ હોય તોપણ તે મેલવવાનો કોઈ કાલે લોભ પણ કરતો નથી. આત્મ પ્રયત્ન કરી નીતિ અને પ્રમાણિકતાથી જે કાંઇ મળ્યું છે કે મલે છે, તેમાં પૂર્ણ સંતોષ માને છે. શુધ્ધ જૈન અપકારના બદલામાં ઉપકાર કરવાની ભાવના રાખે છે અને જો પોતાની શક્તિ હોય તો તેને ક્રિયામાં પણ મુકવા પ્રવર્ત્તે છે. મનુષ્ય જાતિના ઉત્કર્ષને મેળવવાનું જ્ઞાન કરાવા માટે તે સર્વદા મથે છે, અંધકારમાં રાખનારા માયા પટલને દૂર કરવાની તે ઈચ્છા રાખે છે. આ વિશ્વની સ્વપ્નમયતાને તે જાણે છે અને સારી રીતે સમજે છે કે એ માયા પટલથી મનુષ્યની સત્ય અને પવિત્ર દૈવી પ્રકૃતિનો નાશ થાય છે. સર્વ ભાવનાઓમાં ઉત્કૃષ્ટ ગણાતા સમ્યકત્ત્વને તે પોતાના જીવનની જેમ જાળવે છે. સમ્યકત્ત્વનો દિવ્ય પ્રભાવ જાણી તે પર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્ણ શ્રદ્ધા ધારે છે અને પોતાના જીવનનો પ્રવાહ સમ્યકત્ત્વવાલા ધર્મની તરફ વહેવરાવે છે. આ વિશ્વમાં ચાલતી દ્રવ્ય પ્રવૃત્તિઓ તરફ તે ઉપેક્ષા રાખે છે અને ભાવ પ્રવૃત્તિઓ તરફ બહુ માન ધરાવે છે.

ખરો જૈન પોતાને ધર્મવીર તરીકે ઓળખાવે છે. સ્વધર્મને માટે તે પ્રાણાર્પણ કરવાને તૈયાર થાય છે. જેમ અભિમાની શૂરવીર આનંદના ગ્લાનભેદક ધ્વનિ સહિત રણભૂમિમાં પ્રાણાર્પણ કરવાને દોડી જાય છે, તેવી રીતે તે ધર્મવીર પુરૂષ ધાર્મિક અને પરોપકારના કાર્યમાં અગ્રેસર થઈ દોડી જાય છે. તે મહાવીરનો બાલક પોતે શ્રદ્ધાથી માનેલી ધર્મ વસ્તુને પ્રમાણપૂર્વક સિધ્ધ કરી બતાવવા તન, મન અને ધનથી પ્રયત્ન કરે છે અને તેને માટે સર્વસ્વ અર્પવા ઉભો થાય છે. શુધ્ધ જૈન વીરના હૃદયમાં સદા કાલ પવિત્ર ભાવનાઓ ભરપૂર રહે છે. તે વીર સંતાન પોતાની શુભ ભાવનાનો કદિ પણ ત્યાગ કરતો નથી. જૈનના જીવન ક્રમનો સૂક્ષ્મ વૃત્તાંત જે પુરાતન પુસ્તકોમાં આપવામાં આવ્યો છે, તેને અનુસરવાને તે સદા તત્પર રહે છે તે ગમે તેટલા સંકટો પડે અને ગમે તેવી વિપત્તિઓ આવે, તોપણ તે પોતાના જીવનના શુધ્ધ ક્રમને દ્રઢતાથી પકડી બેસે છે, તેના હૃદયમાં દયાનો આવેશ એટલો બધો સજ્જડ થયેલો હોય છે કે તેને તે યાવજ્જીવિત અદ્વિતીય દ્રઢતાથી અને પ્રચંડ સત્યતાથી ધારણ કરી રાખે છે, તેના પ્રત્યેક વિચાર શુદ્ધ હોય છે અને તેમાં દ્રઢતમ શ્રદ્ધા અને ધાર્મિક જીવનનું પ્રાબલ્ય વારંવાર ઉભરી જતું જોવામાં આવે છે. કારણ કે, 'જૈન ધર્મજ સત્ય છે' એવી અચલ ભાવનામાંથીજ તેની શ્રદ્ધાનો જન્મ થયેલો હોય છે. તે જૈનવીર જે જે નિયમોનું આવી ખંત અને દ્રઢતાથી પાલન કરે છે, તે સર્વ કદાચિત્ કોઈ બીજાની દ્રષ્ટિએ સત્ય નહિ જણાય; પરંતુ તેની સમ્યકત્ત્વવાલી બુદ્ધિમાં તો તે અરિહંત પ્રણીત સર્વ નિયમો સર્વથા સત્યજ છે, એમ ભાસે છે.

ખરો જૈન કુટુંબમાં કે સમાજમાં કલેશ કે વિષવાદનો જન્મ આપનાર કે સહાયક થતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુધ્ધ જૈનના મુખમાંથી કદિ પણ મૃષાવાણી પ્રગટ થતી નથી. તે સાથે બીજાના હૃદયને પરિતાપ થાય, બીજાના મનમાં પાપમય ભાવના પ્રગટ થાય અને તે માનસિક એવી પાપમય પ્રેરણાનું કારણ થાય, એવી વાણીના એક અક્ષરને પણ તેની રસના જન્મ આપતી નથી. પવિત્ર જૈન પોતાના સત્યવ્રતને યાવજજીવિત સાચવે છે, તે આર્હત ધર્મની ભાવના તરફ એટલી બધી પ્રીતિ ધરાવે છે કે અહર્નિશ તેના હૃદયમાં એજ વિચારો આવ્યા કરે છે. જો તે અદ્વિતીય વક્તૃત્વ શક્તિ અથવા લેખન શક્તિ ધરાવતો હોય તો ધર્મના ઉચ્ચતમ સિધ્ધાંતો બીજાઓને વ્યાખ્યાનદ્વારા સંભળાવવા પૂર્ણ ઉત્સાહ ધારણ કરે છે, તેવા કોઇ પ્રસંગે તેની એ ઉચ્ચ શક્તિને માટે જો તેને બહુ માન આપવામાં આવે, તોપણ તે બહુ માનની ઇચ્છા કરતો નથી. તે સર્વદા પોતાના સ્વધર્મી બંધુઓનું દાસત્વ કરવાને ઉજમાલ થાય છે અને એવી સામાન્ય સ્થિતિમાં રહેવામાંજ પોતાને આનંદ માને-છે. કદિ કોઇ શુભ કર્મના યોગથી તેને ઉંચા પ્રકારની સમૃધ્ધિ પ્રાપ્ત થાય તો પણ જે ખરો જૈન છે, તે અહંકૃતિને ધારણ કરતો નથી. તે સમ્યકત્વધારી વીરનર ચાર ભાવનાને ભાવનારો હોવાથી પોતાના મનમાં સમજે છે કે, “ આ સમસ્ત જગત્ ઉન્માદથીજ ભરેલું છે, કોઇને ધનનો ઉન્માદ હોય છે, કોઇ વિલાસ સુખના ઉન્માદમાં લીન થઇ જાય છે, કોઇ કીર્ત્તિના લોભમાં ઉન્મત્ત બનેલા જોવામાં આવે છે અને બીજી પણ અનેક પ્રકારની આશાથી લોકો ઉન્મત્ત બનેલા જોવામાં આવે છે; જે ધર્મની ઉચ્ચ સ્થિતિની પ્રાપ્તિની આશામાં ઉન્મત્ત થયેલો હોય છે, તેના જેવો પુણ્યશાલી પુરૂષ કોઈપણ નથી.” ખરો જૈન આવી વિચારણામાં વિલીન થયા કરે છે, અને તેથી ખરેખરો જૈન પણ તેજ છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ડબાસંગ દુષ્કાળ ફંડ.

જા. નં. ૪૨૦

**ડબાસંગફંડ તરફથી એપ્રીલ માસમાં દાણો આપવામાં આવ્યો તેની**

**જાહેરાત**

**મહેરબાન સાહેબ**

આપના પ્રસિધ્ધ પેપરમાં નીચેની બીના છાપવા મહેરબાની કરશો

ડબાસંગ ફંડ તરફથી દુષ્કાળ સબબ જામનગરમાં સને ૧૯૧૨ ની સાલના એપ્રીલ માસમાં જામનગરની આથમણી બાજુના મહાજન શ્રાવકોના ગામ ૩૨ માં કુલ માણુસ ૫૮૫ને દાણો મણ ૪૨૬ અંકે ચારસો છવીશ આપવામાં આવ્યો છે.

ફંડ તરથી ચલાયા તેમજ લાલપુર તાબાના જે ગામો આવેલા છે તેને દાણો સલાયેથી અપાય છે તે આપવા માણુસ મોકલવામાં આવેલા છે તે આપી આવ્યા પછી તેની જાહેરાત આપવામાં આવશે.

આ ફંડને મહેરબાન શેઠ ખેતશી ભાઈ ખીઅશી ભાઇ જે.પી. તરફથી મોટી રકમની મદદ મળી છે તોપણ તેમની ઇચ્છાનુસાર કોઇ પણ દયાળુ ગૃહસ્થને પોતાના પુન્યાર્થે કાંઈ પણ રકમ આપવા ઇચ્છા હશે તો તે રકમ પેટે સ્વીકારવામાં આવશે.

સં. ૧૯૬૮ના વૈશાખ વદ ૧ ગુરૂવાર તા. ૨–૫–૧૨

લી.

વકીલ સાકળચંદ નારણજી શાહ
બી. એ. એલ, એલ. બી.
એ. સે. ડબાસંગ ફંડ
જામનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## શહેર વડોદરામાં ઉજવાયેલી જયંતી.

### વડોદરામાં—મહોપકારી સ્વર્ગવાસી આચાર્ય મહારાજ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી મહારાજ) ની ઉજવવામાં આવેલી જયંતી.

આ પૂજ્યપાદ્ સ્વર્ગવાસી મહાત્માએ જૈન સમાજ ઉપર અનહદ અવર્ણનીય ઉપકારો કરેલા છે, ઉક્ત પૂજ્યપાદ મહાત્માની હૈયાતી બાદ તેઓશ્રીના શિષ્ય મંડળમાં જે ઐકયતા—સંપ છે તે જોઇ સર્વ કોઈ આનંદ પામે તેમાં નવાઈ જેવું નથી. ઉક્ત આચાર્ય મહારાજનો આખો સમુદાય પરિવાર—આજ્ઞાવત, ગુરૂને પગલે ચાલનાર, ઉત્તમ ચારિત્ર ધારી, ઉગ્રવિહારી અને ક્રિયાપાત્ર હોઈને અત્યાર સુધી તેઓમાં જે સુસંપ જળવાઇ રહ્યો છે અને તેને લઇને પોતાના વિહારના સ્થળોમાં જગ્યોએ જગ્યોએ જૈન સમાજ ઉપર અનેક પ્રકારના ઉપકારો કરી ધર્મની જે અભિવૃદ્ધિ કરેલ છે, તે જૈનસમાજમાં ખુલ્લી રીતે દેખાય છે; હાલમાં તેવીજ રીતે તે ઐક્યતા—સંપની અભિવૃદ્ધિમાં વધારો કરવા, તેમજ ઉક્ત સ્વર્ગવાસી ગુરૂરાજની અચળ ઉજ્જવલ કીર્તિમાં ઉમેરો કરવા, અને જૈન સમાજ ઉપર અનેક ઉપકારો કરવા, વડોદરા મુકામે હાલ તે સ્વર્ગવાસી પૂજ્યપાદનો પરિવાર મંડળ મોટી સંખ્યામાં એકઠો થયેલો છે, તે તેનો મજબૂત અને ચોકસ પૂરાવો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલતા માશની જેઠ શુદ ૮ના રોજ ઉક્ત મહોપકારી સ્વર્ગવાસી મહાત્મા શ્રી**આત્મારામજી મહારાજ**ની સ્વર્ગવાસી તિથિ હોવાથી તેમના વડા શિષ્ય શ્રીમદ્ આચાર્ય મહારાજ **વિજય કમળસૂરિ** મહારાજના અધ્યક્ષપણા નીચે ત્યાંના ચતુર્વિધ સંઘે ઉક્ત સ્વર્ગવાસી મહાત્માની જયંતી ઉજવી હતી. તે વખતે વિદ્વદ્રત્ન મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજે ત્રણ કલાક સુધી ઉભા ઉભા ગુરૂ ગુણાનુવાદ–ગુરૂ ગુણ કીર્તન અને તેનાથી થતા લાભો તેમજ ઉક્ત સ્વર્ગવાસી મહાત્માના અનેક ઉપકારોનું એવું અસરકારક વર્ણન વિદ્વતા ભરેલી રીતે કરી બતાવ્યું હતું કે ત્યાં એકઠો થયેલ સમુદાય અપૂર્વ આનંદના સમૂહમાં નિમગ્ન થઇ ગયો હતો. જે વડોદરાના શ્રી સંઘના ઈતિહાસમાં સોનેરી અક્ષરે જળવાઈ રહેશે.

ત્યારબાદ બપોરના સત્તરભેદી પૂજા ઉકત સ્વર્ગવાસી આચાર્ય મહારાજકૃત ભણાવવામાં આવી હતી. શ્રાવક સમુદાયે દેરાશરોમાં આંગી કરાવી રાત્રિના લાઇટ ભાવના વિગેરે ઉત્તમ કાર્યો કર્યા હતા.

વડોદરા મુકામે સ્વર્ગવાસી આચાર્ય મહારાજનો સમુદાય જે એકત્ર થયો છે તે પોતાનામાં જે સંપ અને ઐક્યતા છે તેની અભિવૃદ્ધિ કરવા સાથે તેઓ વ્યવહાર કુશળ, ધર્મ કુશળ અને વિદ્વદ્ વર્ગ હોઇને પોતાના જ્ઞાનથી, બુદ્ધિથી, પોતાના સુવિચાર અને ઉત્તમ ભાવનાથી ભવિષ્યમાં જૈન કોમને પણ કોઇ અપૂર્વ લાભ પ્રાપ્ત કરાવ્યા સિવાય રહેશે નહીં તેટલુંજ નહિં પણ પોતાના જ્ઞાન, કૃપા અને ઉત્તમ ભાવનાની પ્રાસાદી જૈન કોમને આપી તેની ધાર્મિક ઉન્નતિમાં પણ વૃદ્ધિ કરાવ્યા સિવાય રહેશે નહિં.

અમો ઉક્ત સ્વર્ગવાસી આચાર્ય મહારાજના પરિવાર મંડળમાં દિવસાનુદિવસ ઐક્યતા સુસંપમાં વૃદ્ધિ થઇ જૈન સમાજ ઉપર અહર્નિશ અનહદ ઉપકારો તે મહાત્માઓના તરફથી થતા ઉક્ત સ્વર્ગવાસી મહાત્માના પરિવારની ઉજ્જવલ કીર્તિમાં અભિવૃદ્ધિ થાઓ એટલી પરમાત્મા પાસે પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી સભાનો કરવામાં આવેલો સોળમો વાર્ષિક મહોત્સવ.

## જેઠ શુદ ૭ ના રોજ ભાવનગરમાં અને શુદ ૮ ના રોજ શ્રી સિદ્ધાચળજી ઉપર સ્વર્ગસ્થ મહાત્મા શ્રીમદ્‌વિજયાનંદસૂરિ (શ્રી આત્મારામજી મહારાજ)ની સ્વર્ગવાસ તીથિ હોવાથી તે માટે કરવામાં આવેલ જયંતી અને મહોત્સવો.

શ્રી જૈન આત્માનંદ સભાને સ્થાપન થયા સોળ વર્ષ પૂરા થઇ સતરમું શરૂ થવાથી આ માસની શુદ ૭ ના રોજ સભાની વર્ષગાંઠ હોવાથી, તેમજ તેજ દિવસે પૂજ્યપાદ ગુરૂરાજશ્રી વિજયાનંદ સૂરિ ( આત્મારામજી મહારાજ ) ની સ્વર્ગવાસ તિથિ હોવાથી તેજ રોજ, તેમજ જેઠ શુદ ૮ ના રોજ બંને દિવસે નીચે મુજબના માંગલિક કાર્યો નીચે મુજબ સ્થળોમાં કરવામાં આવ્યા હતા.

આ ઉત્તમ પ્રસંગને માટે પ્રથમ આમંત્રણ પત્રિકાઓ છપાવી બહાર ગામના મેમ્બરોને મોકલવામાં આવી હતી.

૧ જેઠ શુદ ૭ ના રોજ દર વર્ષ મુજબ વાર્ષિક મહોત્સવ સભાના મકાનને ધ્વજા પતાકા તોરણો વિગેરેથી શણગારી, તેમાં સવારમાં પ્રભુ પધરાવી મરહુમ આચાર્ય મહારાજ કૃત સતરભેદી પૂજા વિવિધ રાગ રાગિણીથી સુંદર વાજીંત્રો સાથે ભણાવવામાં આવી હતી, અને મેમ્બરો ઉપરાંત અન્ય ગૃહસ્થોએ પણ સારી સંખ્યામાં હાજરી આપી હતી, અને બપોરના વોરા હઠીસંગભાઈ ઝવેરચંદના તરફથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. તેમજ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ જેઠ સુદ ૭ ના રોજ બપોરની ત્રણુ વાગ્યાની ટ્રેનમાં સભાના સભાસદો શ્રી સિદ્ધાચળજી ગયા હતા. ત્યાં જેઠ શુદ ૮ ના રોજ ઉક્ત આચાર્ય મહારાજકૃત વીસસ્થાનકની પૂજા સવારના દશવાગે સુંદર રાગ રાગણીથી વાજીંત્રો સાથે ભણાવવામાં આવી હતી, અને તેજ દિવસે શ્રી આદિશ્વર ભગવાન, પુંડરીકજી મહારાજને અને આત્મારામજી મહારાજની મૂર્તિને સુંદર આંગી રચવામાં આવી હતી. અને યાત્રા, પૂજા, ભાવના વિગેરે ઉત્તમ કર્યો કરવામાં આવ્યા હતા. તે નિમિત્તે સભાના માનવંતા લાઇફ મેમ્બર મીયાંગામવાળા શેઠ નેમચંદભાઈ પીતાંબરદાસ તરફથી રૂા. ૨૫ ) આવ્યા હતા. સાંઝના સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું જેથી અપૂર્વ આલ્હાદ ઉત્પન્ન થયો હતો.

## શ્રી મીયાંગામમાં–શ્રીમદ્વિજયાનંદ સૂરીશ્વરજી મહારાજની કરવામાં આવેલી જયંતી.

શ્રી. શ્રી. શ્રી ૧૦૦૮ શ્રી મદ્વિજયાનંદ સૂરીશ્વર ( આત્મારામજી ) મહારાજ એક મહાન જૈન શ્વેતાંબર આચાર્ય થઇ ગયા છે.

જેઠ સુદ ૮ ને રોજ તેઓ શ્રીની સ્વર્ગવાસ તીથી હોવાથી તેના ગુણાનુવાદ સ્મરણાર્થે અત્રે નીચે પ્રમાણે શુભકાર્ય થયાં હતાં.

શ્રી જૈન આત્મવલ્લભ પાઠશાળા તથા કન્યાશાળામાં શેઠ નેમચંદ પીતાંબરદાસે બદામો વહેંચી છોકરાઓને રજા આપી હતી

શ્રી સંભવનાથજીના દેરાસરમાં શા. મગનલાલ વ્રજલાલે શ્રી મુનિરાજશ્રી વલ્લભવિજયજી કૃત પંચ કલ્યાણુક પૂજા ભણાવી હતી.

ઉપર પ્રમાણે શુભ કાર્યોથી ગુરૂભક્તિ દર્શાવવામાં આવી હતી.

(મળેલું)

## શ્રી માંતીજમાં સ્વર્ગવાસી મહાત્મા શ્રી વિજયાનંદસૂરિ આત્મારામજી મહારાજની કરવામાં આવેલી જયંતી.

જેઠ શુદ ૮ની રોજ ઉક્ત મહાત્માની સ્વર્ગવાસ તિથિ હોવાથી મુનિરાજશ્રી લબ્ધીવિજયજીના ઉપદેશાનુસાર ત્યાંના દેરાસરમાં શ્રી સંઘે પૂજા, આંગી, ભાવના, ગુણુ કીર્તન વિગેરેથી જયંતી કરેલી હતી.

For Private And Personal Use Only